# ઓહ! મમ્મી, આઈ લવ યુ, મોમ, યુ આર ધ બેસ્ટ...!

જીવન સરગમ

બિન્દુબેન કચરા



ઓહ, મમ્મી, આઈ લવ યુ, આઈ લવ યુ ટુ મચ. આરતી આખો દિવસ બૂમો પાડ્યા જ કરતી હોય, હમણાં જ દશમું પાસ કરીને અગિયારમા ધોરણમાં અભ્યાસ કરતી હતી. બાલ્યાવસ્થા વિતાવી તેણે કિશોરાવસ્થામાંથી યુવાવસ્થામાં પ્રવેશ કર્યો હતો, બાળપણ વીતી ગયું હતું પણ બાળપણની કેટલીક ટેવો, કેટલાંક લક્ષણો ભૂલી શકી ન હતી. તો સાથે સાથે યુવાવસ્થાના કેટલાંક ચિત્રવિચિત્ર લક્ષણોનો પણ તે અનુભવ કરી રહી હતી. તેનામાં શારીરિક ફેરફારો થઈ રહ્યા હતા જેના કારણે તે મૂંઝવણ અનુભવતી હતી, એ અંગે આરતી મમ્મી સાથે વાત કરવા માંગતી હતી પણ એની મમ્મી પાસે સમય જ ક્યાં હતો? શહેરની ગર્લ્સ હાઈસ્કૂલમાં ટીચર હતી. સ્કૂલમાં હજાર છોકરીઓને સાચવતી, માર્ગદર્શન આપતી મમ્મીને ઘરમાં એની એકની એક દીકરી આરતી માટે સમય જ ન હતો. દીકરી આરતી મા વિના તડપ્યા કરતી, પોતાની મૂંઝવણ કોને કહે? તેની મમ્મી તો સ્કૂલ, ઓફિસ અને મીટિંગમાંથી જ નવરી નહોતી પડતી.

આનાથી જુદી જ વાત હતી રૂપાની. તે કોલેજના પહેલા વર્ષમાં ભણતી હતી. તેની મમ્મી પણ કામધંધા વગરની તદ્દન નવરી તો ન જ હતી. રૂપાની મમ્મી નોકરી નહીં પણ ઘરે રસોડું ચલાવતી હતી. નોકરિયાત યુવાનો, મહિલાઓ, હોસ્ટેલો તથા દવાખાનામાં ટિફિન પણ પહોંચાડતી. આમ છતાં પણ જ્યારે રૂપાને મમ્મીની જરૂર હોય ત્યારે હાજર જ હોય. કોઈ પણ મૂંઝવણ હોય તો તે શાંતિથી સાંભળતી. એક દિવસ રૂપાની પાછળ એક કોલેજિયન પડ્યો અને તેની પાસે આવીને બોલી ગયો...'આઈ લવ યુ રૂપા.' રૂપાએ તેની સાથે ખૂબ ઝઘડો કર્યો. ઘરે આવી એણે મમ્મીને બધી વાત કરી. તે મૂંઝાતી હતી કે આવતી કાલે હું કોલેજ કેવી રીતે જઈશ? એની મમ્મીએ ખૂબ શાંતિથી કહ્યું- ''બેટા, યુવાનીમાં આ બધું તો ચાલ્યા જ કરે. તમારે છોકરીઓએ ખૂબ હિંમત રાખવાની, તારે એકલદોકલ રહેવાનું નહીં. તારી બે સખીઓ સાથે રહેવાનું. વધારે વલ્ગર વ્યવહાર કરે તો આચાર્યની ઓફિસમાં ફરિયાદ કરવાની. જમાનો ઢીલાપોચા રહેવાનો નથી. બોલ્ડ બનવાનો છે.''

રૂપા અને તેની મમ્મી સોનલ વચ્ચેના સંબંધો મા-દીકરીના સંબંધો કરતાં પણ બે સખીઓના સંબંધ જેવા હતા. એક દિવસ તેણે મમ્મીને કહ્યું, ''મમ્મી, મને બાજુવાળો નિશીથ ખૂબ જ ગમે છે! હું ઉપર જાઉં છું ત્યારે તેની અગાશીમાંથી એ પણ મને જોયા કરે છે.'' તરત જ સોનલબેને રૂપાને કહ્યું, ''બેટા! એ વિજાતીય આકર્ષણ છે! તારી ઉંમરમાં આ એક એવો પડાવ છે તેમાં તારી જાતીય બાબતો અને સંવેદના ખીલે છે.'' એક દિવસ તેને નિશીથ સાથે ડેટિંગ ઉપર જવાની ઈચ્છા થઈ. તેણે તેની મમ્મીને વાત કરી. મમ્મી એકદમ ગુસ્સે થઈને એમ ન બોલી કે, ''તારાં આવાં લખ્ખણ? ભણવાને નામે આવા ધંધા કરવા કોલેજ જાય છે?''

મમ્મીએ એને શાંતિથી સમજાવતાં કહ્યું- ''બેટા, અમુક ઉંમરે શરીરરચનામાં ફેરફાર થાય છે. સંવેદનશીલતા વધે છે. યુવાની દિવાની છે. તને બધું મન થશે પણ થોડું મન મારીને રહેવાનું, હમણાં તારું કાર્ય કરિયર બનાવવાનું છે. ભણીગણી આગળ વધવાનું છે. તેમ છતાં તને એને મળવાની ઈચ્છા થતી હોય તો તેને આપણા ઘરે બોલાવ.

**દીકરીની આ ઉંમર એવી છે- હરવા ફરવાનું, પોતાની ઉંમર જેટલા સાથે આનંદ કરવાનું, તેને થોડી પ્રાઈવસીની જરૂર પડે છે. તે એકલા રહેવા ઈચ્છે છે, તેમને એકલા રહેવા દો, ભલે સંતાનો નિર્ણય લે. આમ કડકાઈભરી રીતે નહીં મૈત્રીપૂર્ણ વ્યવહારથી દીકરીનું મન જીતી લીધું. દીકરી ગળે વળગી વળગીને કહેવા લાગી...'મોમ! યુ આર ગ્રેટ!'**

નિર્દોષ ફ્રેન્ડશીપ માણ. જો તમારું આકર્ષણ લાંબો સમય રહેશે તો આપણે વિચારશું.''

આમ રૂપાની મમ્મી માત્ર મમ્મી બનવાને બદલે તેની આદર્શ બહેનપણી બની રહી. યુવાન દીકરી ગેરમાર્ગે દોરવાઈ ન જાય તે માટે તેઓ હંમેશ સાવચેત રહેતાં. તેઓ સમજતાં હતાં કે બાળકને હૂંફ, આત્મીયતા અને સલામતીની જરૂર હોય છે. પરિવારમાંથી પ્રેમ અને હૂંફ પૂરતાં મળી રહે તો સંતાનો ખોટું પગલું ભરતાં અવશ્ય અટકે છે. રીમાબેનની વાત જોઈએ. તેમની દીકરી નેહા ખૂબ જ ચંચળ, ઓવર સ્માર્ટ પરિણામે નાની ઉંમરમાં પરિમલ સાથે પ્રેમમાં પડી ગઈ. જ્ઞાતિભેદને કારણે ઘરમાં તો બોલાઈ એવું હતું નહીં. નેહાની બે બાજુથી કફોડી સ્થિતિ થઈ. તે પરિવારજનોને દુઃખી જોઈ શકતી ન હતી તો સાથે પ્રિય પાત્રને પણ છોડી શકતી ન હતી.

રીમાબેનને કાને આ વાત આવી. ખૂબ દુઃખી થયાં. દીકરીને ખૂબ સમજાવી પણ એકની બે ન થઈ. રીમાબેનને પોતાના પતિ રમાકાંતની બીક હતી કે જાણશે તો શું થશે? પણ એ દિવસ પણ આવ્યો. નેહા પર ચોકીપહેરો ગોઠવાઈ ગયો. દીકરીની વ્યથા જોઈ માતાને બહુ દુઃખ થતું પણ શું કરે? દીકરીએ પાત્ર જ એવું શોધ્યું છે કે કોઈ એના રાજીપામાં રાજી નથી. છતાં રીમાબેને પતિને સમજાવ્યા. આપણું અને એનું નસીબ! દીકરી આપઘાત જેવું કૃત્ય કરે એના કરતાં એ એના પ્રિયપાત્ર જોડે જીવન વીતાવે. મા અને પિતા સમાજના મહેણાંટોણા સાંભળીને હંમેશ એક વાક્ય બોલતા, ''દીકરી! તે તો અમારું નાક કાપી હાથમાં આપી દીધું.''

આલોકીની વાત જોઈએ. તે ડાન્સમાં ખૂબ હોંશિયાર, કોલેજનું એક ગ્રુપ યુથ ફેસ્ટિવલમાં દિલ્હી જવાનું હતું, આલોકીની પણ પસંદગી થઈ. આલોકી ખુશ થતી હતી! ઘેર જઈ પપ્પા-મમ્મીને વાત કરી. બોલ્યા- ''તારું સિલેક્શન થયું એ જાણી બેટા, ખૂબ આનંદ થયો પણ દિલ્હી! અને તે પણ છોકરાઓ સાથે.'' પપ્પાએ ઘસીને ના પાડી દીધી. આલોકીએ મમ્મીને ખૂબ સમજાવી, કહ્યું- ''મમ્મી મારી પ્રગતિમાં તમને આનંદ નથી?'' છેવટે મમ્મીએ હા પાડી પરંતુ એને થોડી સમજાવી સાવચેત, સજાગતા રાખવાની સલાહ પણ આપી. સાથે કહ્યું કે એવું કોઈ પગલું ન ભરતી કે અમે તારા પર મૂકેલો વિશ્વાસ તૂટે...!

આલોકી ઉમંગથી ઊછળી પડી....

'મોમ યુ આર ગ્રેટ! સમજદારીપૂર્વક મુક્ત મને પપ્પા-મમ્મી વર્ત્યાં. મમ્મી ઉમાબેન જાણતાં હતાં કે દીકરીની આ ઉંમર એવી છે- હરવા ફરવાનું, પોતાની ઉંમર જેટલા સાથે આનંદ કરવાનું, તેને થોડી પ્રાઈવસીની જરૂર પડે છે. તે એકલા રહેવા ઈચ્છે છે, તેમને એકલા રહેવા દો, ભલે સંતાનો નિર્ણય લે. આમ કડકાઈભરી રીતે નહીં મૈત્રીપૂર્ણ વ્યવહારથી દીકરીનું મન જીતી લીધું. દીકરી ગળે વળગી વળગીને કહેવા લાગી...'મોમ! યુ આર ગ્રેટ!'

જોયું સંતાનો સાથે સ્નેહનો સાચો સેતુ પ્રેમથી, લાગણીથી, સમજથી આવી રીતે રચાય...!

તો વાચકમિત્રો! માતાપિતા તરીકે પ્રેમપૂર્વક વ્યવહાર કરો. સારાં કાર્યોને અભિનંદન આપો. ભૂલ હોય ત્યાં તેને સજાગ કરો. નિષ્ફળતાના કિસ્સામાં તેની ટીકા કરવાને બદલે તેના ખભે હાથ મૂકી ખરા દિલથી દિલાસો આપો. સફળતા માટે પ્રોત્સાહિત કરો. મા-બાપનો નિર્વ્યાજ, બિનશરતી પ્રેમ અને પ્રોત્સાહન જ એને માટે પથદર્શક બની રહે છે. માતા-પિતા જ સંતાનો માટે તાકાત અને શક્તિનો સ્ત્રોત છે માટે જ સંતાનોને ઉત્તમ પ્રકારે કેળવવા હોય તો એનો એક જ રસ્તો છે કે મા-બાપ પોતાને કેળવે. માતા-પિતાએ જ સંતાનો માટે દ્રષ્ટાંતરૂપ બનવાનું છે.



## સુવર્ણરજ

ભગવાનને ભજવાથી મા નથી મળતી.
માને ભજવાથી ભગવાન મળે છે.
મા એ કેવળ સગપણ નથી, સમર્પણનું દર્પણ છે.
નિર્વ્યાજ કર્તવ્ય અને સ્વાર્થરહિત પ્રેમનું પ્રતીક છે.